સંસદના શિયાળુ સત્રનો પ્રારંભ

ગૃહોમાં પ્રથમ દિવસે દિવંગત સાંસદોને શ્રદ્ધાંજલિ અપાયા બાદ બંને ગૃહો મોકુફ

નવી દિલ્હી,તા. ૫

સંસદનું શિયાળુ સત્ર આજથી વિધીવત રીતે શરૂ થયું હતું. શિયાળુ સત્રના પ્રથમ દિવસે કોઈપણ કામગીરી થઈ શકી ન હતી. ભાજપ સહિતના વિરોધપક્ષોએ અન્ય મહત્વપૂર્ણ બિલની સાથે-સાથે કોમવાદી હિંસા વિરોધી બિલને રજૂ કરવાના કેન્દ્રની યોજનાનો વિરોધ કર્યો હતો. સંસદના બન્ને ગૃહોને આજે પ્રથમ દિવસે મોકુફ કરી દેવામાં આવ્યા હતા.

પ્રથમ દિવસે લોકસભા અને રાજ્યસભાની કામગીરી તાજેતરમાં જ અવસાન પામેલ સાંસદોને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ મોકુફ કરી દેવામાં આવી હતી. આ સાંસદોનું અવસાન મોનસુન અને શિયાળુ સત્ર વચ્ચેના ગાળામાં થયું હતું. લોકસભામાં સરગુજાથી ભાજપના સાંસદ મુરારીલાલ સિંહને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. રાજ્યસભામાં અધ્યક્ષ હમીદ અંસારીએ સમાજવાદી પાર્ટીના સાંસદ મોહનસિંહ, સપાના પૂર્વ સાંસદ રામનરેશ કુસવા અને ભાજપના દિનાનાથ મિશ્રાને શ્રદ્ધાંજલિ આપી હતી. ભાજપના સભ્યોએ ઓકટોબર મહિનામાં પટણામાં પક્ષની રેલી દરમિયાન વિસ્ફોટમાં માર્યા ગયેલા લોકોના ઉલ્લેખની માંગ કરી હતી. હવે આવતીકાલથી શિયાળુ સત્ર ખૂબ જ તોફાની બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કારણકે, કેટલાક સળગતા મુદ્દાઓ હાથ ધરવામાં આવનાર છે. જેમાં કોમવાદી હિંસા વિરોધી બિલ, મહિલા અનામત બિલ, લોકાયુક્ત અને લોકપાલ અન્ય મહત્વપૂર્ણ બિલનો સમાવેશ થાયછે. શિયાળુ સત્ર તોફાની બનવાના એંધાણ દેખાઈ રહ્યા છે.કારણકે, ભાજપે કોમી હિંસા સંબંધિત બિલને લઈને હોબાળો મચાવવા કમર કસી છે. ઉપરાંત કોલસા કૌભાંડ, દેશના જુદા-જુદા ભાગોમાં આતંકવાદી હિંસા, આતંરીક સુરક્ષા, મોંઘવારી સહિતના મુદ્દાઓને ઉઠાવવા માટે તૈયારી દર્શાવી છે. વિધાનસભાની ચુંટણીના પરીણામો પણ જાહેર કરવામાં આવનાર છે જેથી જોરદાર ચર્ચા જામે તેવી શક્યતા દેખાઈ રહી છે.

ભેળસેળવાળા દૂધનું વેચાણ કરનારને કારાવાસ થશે

સુપ્રીમના આદેશ બાદ દૂધમાં ભેળસેળ ભારે પડશે : કાયદામાં સુધારા કરી ભેળસેળવાળા દૂધના વેચાણ અને તેના નિર્માણ ઉપર સજાનો કારાવાસમાં ફેરવવા સૂચના

નવી દિલ્હી,તા. ૫

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતું કે, દૂધમાં ભેળસેળના મામલે આજીવન કારાવાસ સુધીની સજા થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે. આના માટે કાયદામાં જરૂરી સુધારા કરવાની પણ સુપ્રીમ કોર્ટે સૂચના આપી છે. સુપ્રીમ કોર્ટે ભેળસેળ વાળા દૂધના સંદર્ભમાં કઠોર પગલા લેવા સુચના આપી છે. સાથે-સાથે આ સંદર્ભમાં તેમના કાયદાઓમાં સુધારા કરવા પણ રાજ્ય સરકારોને સૂચના આપી છે. દૂધમાં ભેળસેળથી માનવ શરીરને ખૂબ નુકશાન થાય છે. ભેળસેળ વાળા દૂધથી નુકશાન થવાની સંભાવના રહેલી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, દૂધમાં ભેળસેળ આજીવન કારાવાસ સુધીની સજા પાત્ર ગુનો છે. જસ્ટીસ કેએસ રાધાકૃષ્ણ અને જસ્ટીસ એકે સિકીની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે આજે ઠેરવ્યુ હતુ કે, કેટલાક રાજ્યોમાં વ્યાપક ફરીયાદ ઉઠી છે. બનાવટી દૂધના વેચાણ અને નિર્માણ ઉપર સજાને આજીવન કારાવાસમાં ફેરવી કાઢવા સુપ્રીમ કોર્ટે સુચના આપી છે. વર્તમાન કાયદામાં જરૂરી સુધારા કરવાની સૂચના આપવામાં આવી છે. સુપ્રીમની બેંચે એક જાહેર રીટની અરજી ઉપર સુનાવણી ચલાવતી વેળા આ મુજબનો આદેશ આપ્યો હતો. ઉત્તર પ્રદેશ, ઓડીસ્સા, પશ્ચિમબંગાળમાં ભેળસેળવાળા દૂધના વેચાણને ધ્યાનમાં લઈને આ મુજબનો આદેશ આપવામાં આવ્યો હતો. આ રાજ્યોમાં મોટી માત્રામાં કૃત્રિમ પદાર્થોથી દૂધ બનાવવામાં આવે છે.

નુકશાનકારક કૃત્રિમ દૂધના નિર્માણ અને તેના વેચાણ ઉપર પ્રતિબંધ મૂકવા માટે કાયદાને વધુ કઠોર બનાવવાની સૂચના પણ આપવામાં આવી છે. સુપ્રીમે કહ્યુંછે કે, ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ આ અપરાધ માટે મળતી મહત્તમ છ મહિનાની સજા ખૂબ ઓછી છે. તાજેતરમાં જ એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, ૬૮.૪ ટકા દૂધ ભેળસેળ સાથે હોય છે છતા રાજ્યોએ પોતાના જવાબમાં ભેળસેળ નહીં હોવાની વાત કરી હતી.

હિટ એન્ડ રન કેસ : સલમાન સામે નવેસરથી ટ્રાયલ હુકમ

નવા પુરાવાને ધ્યાનમાં લઈ ફરીથી ટ્રાયલની માંગ કરતી સલમાનની અરજી સ્વીકારાઈ : ૨૩મીથી ફરી સુનાવણી

નવી દિલ્હી,તા.૫

બોલીવુડના સુપર સ્ટાર અભિનેતા સલમાન ખાનને આજે મોટી રાહત મળી હતી. કારણકે, મુંબઈની સેશન કોર્ટે સલમાન સામે વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં નવેસરથી ટ્રાયલનો આદેશ કર્યો હતો. મુંબઈની સેશન કોર્ટ નવા પુરાવાને ધ્યાનમાં લઈને તથા નવેસરની સુનાવણી કરવા સલમાન ખાનની રજુઆત ઉપર સહમત થઈ ગઈ હતી. સુપર સ્ટાર સલમાને નવેમ્બર ૨૦૧૩માં કોર્ટમાં અપીલ કરીને નવેસરથી સુનાવણીની માંગ કરી હતી. સલમાન ખાનના હિટ એન્ડ રન મામલાની હવે ૨૩મી ડિસેમ્બરથી ફરી સુનાવણી થશે. સેશન્સ કોર્ટે સલમાન ખાનના વકીલોની રજૂઆતને માન્ય રાખી હતી. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે, સમગ્ર સુનાવણી ફરીથી કરવામાં આવે આનો મતલબ એ થયો કે,ફરીથી તમામ પુરાવા અને સાક્ષીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. સલમાનના વકીલોએ એવી દલીલ કરી હતી કે,સલમાનની સામે બિન ઈરાદા પૂર્વક હત્યાનો આક્ષેપ મૂકવામાં

આવ્યો છે જેથી સમગ્ર સુનાવણી ફરીથી થવી જોઈએ. બીજી બાજુ સરકારી વકીલે અરજીનો વિરોધ કરીને કહ્યું હતું કે,આ મામલાને ટાળવાના પ્રયાસ ઉપર આ પ્રકારની રજુઆત કરવામાં આવી રહી છે. સલમાન ઉપર આક્ષેપ કરાયો હતો કે, વર્ષ ૨૦૦૨માં મુંબઈના બાંદ્રા વિસ્તારમાં માર્ગની બાજુએ ઊંઘી રહેલા લોકો ઉપર સલમાને પોતાની ગાડી ચલાવી દીધી હતી. જેમાં એક વ્યક્તિનું મોત થયું હતુ અને ચાર લોકો ઘાયલ થયા હતા. મુંબઈની એક સત્ર અદાલતે હવે નવેસરથી ટ્રાયલનો આદેશ કર્યો છે. પોતાના ચુકાદામાં સેશન્સ કોર્ટના જજ ડીડબલ્યુ દેશ પાંડેએ કહ્યુંહતું કે, તમામ સાક્ષીઓની ફરી ચકાસણી થશે. ઉલટ તપાસ કરવામાં આવશે. જજે સાક્ષીઓની તેમની યાદી રજૂ કરવા પ્રોસિક્યુશન અને ડીફેન્સમાં ૨૩મી ડિસેમ્બરની તારીખ નક્કી કરી છે.

કોમી હિંસા બિલ લાવવા પાછળ કેન્દ્રની નિયત શંકાસ્પદ : મોદી

હવે બિલ રજુ કરવાના સમય અંગે મોદીએ પ્રશ્નો ઉઠાવ્યા : બિલ બંધારણીય માળખા ઉપર પ્રહાર સમાન છે: મોદીએ વડાપ્રધાનને પત્ર લખી વાંધો ઉઠાવ્યો

નવી દિલ્હી,તા. ૫

ભારે ચર્ચા જગાવનાર અને વિવાદ છેડનાર સાંપ્રદાયિક હિંસા અટકાયત બિલ (પ્રવેન્સન ઓફ કોમ્યુનલ વોઈલન્સ બિલ) પર સંસદ સત્રમાં ભારે હોબાળો થવાની શક્યતા દેખાઈ રહી છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ બિલનો જોરદાર વિરોધ કરીને વડાપ્રધાન મનમોહનસિંહને પત્ર લખીને સ્પષ્ટતા કરી છે કે, બિલમાં ઘણી બધી ખામીઓ રહેલી છે. બીજી બાજુ બિલ લાવવા ઉપર મક્કમ બનેલી સરકારને ભાજપની સાથે-સાથે તેને ટેકો આપી રહેલા સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીએ પણ વાંધો ઉઠાવવાની તૈયારી કરી છે.

સંસદના શિયાળુ સત્રમાં કોમવાદી હિંસા સાથે સંબંધિત બિલ લાવવા અંગેના સમય મામલે પ્રશ્નો ઉઠાવીને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન મનમોહનસિંહને એક પત્ર લખ્યો છે. મોદીએ પત્રમાં અનેક બાબતો સામે વાંધો ઉઠાવ્યો છે. મોદીએ આ બિલને રજૂ કરવાના સમય ઉપર પ્રશ્નો ઉઠાવ્યા છે. મોદીએ બિલના બંધારણીય માળખા ઉપર પ્રહાર કરતા કહ્યું છે કે, આ સંદર્ભમાં રાજયોના અભિપ્રાય પણ લેવા જોઈએ. ભાજપ શરૂઆતથી જ આ બિલનો વિરોધ કરે છે. ભાજપે આને ખતરનાક તરીકે ગણાવીને કહ્યું છે કે, કોંગ્રેસ આના મારફતે લઘુમતી મત બેંકની રાજનીતિ રમી રહી છે. આનાથી બંધારણના માળખાને નુકશાન થશે. મોદીએ સુચિત બિલના મુસદ્દાને અયોગ્ય રીતે તૈયાર કરવામાં આવ્યો હોવાની વાત કરી છે આ બિલ વિપરીત અસર કરે તેવી શક્યતા છે. આ બિલ રાજયોની સત્તાને નુકસાન કરશે અને તેમના પર અતિક્રમણ સમાન છે તેમ જણાવીને વડાપ્રધાન પદના ઉમેદવાર મોદીએ આ સમગ્ર મામલે જુદા જુદા વર્ગો સાથે વધારે વાતચીત કરવાની માંગ કરી છે. રાજ્ય સરકારો, સુરક્ષા સંસ્થાઓ, પોલીસ અને રાજકીય પાર્ટીઓ સાથે વાતચીત કરવા અપીલ કરી છે. આ મુદ્દે આગળ વધતા પહેલા તમામ સંબંધિતો સાથે વાતચીત જરૂરી છે. શિયાળુ સત્રની શરૂઆત વેળા મોદીનો આ પત્ર આવ્યો છે. શિયાળુ સત્રમાં કોમવાદી હિંસા સાથે સંબંધિત બિલ લાવવા માટે યુપીએ સરકારે કમર કસી હોવાના અહેવાલ મળી રહ્યા છે. આ બિલમાં રહેલી જોગવાઈને લઈને અન્ય કેટલાક સંગઠનોએ પણ પહેલા હોબાળો મચાવ્યો હતો. ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે આ બિલને રજૂ કરવાનો સમય યોગ્ય નથી.

વોટ બેંકની રાજનિતી આની પાછળ દેખાઈ રહી છે. તેમણે દહેશત વ્યક્ત કરતા કહ્યું ચે કે આ સુચિત બિલ ધાર્મિક આધાર પર લોકોને વધુ વિભાજિત કરશે. તેમણે કહ્યું છે કે સામાન્ય હિંસાના બનાવોને પણ કોમી રંગ આપવામાં આવશે. જેથી કેટલીક બાબતો પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. મોદીએ બિલમાં રહેલા મુદ્દા તરફ ધ્યાન દોર્યું છે. કોમી હિંસાની પરિભાષાને લઈને પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. મોદીના પત્રને રાજકીય રીતે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

કોમી હિંસા બિલ સત્રમાં રજૂ કરાશે : ગૃહપ્રધાન

નવી લ્હિલ્હી, તા.૫

કોમવાદી હિંસા સાથે સંબંધિત બિલ ઉપર સર્વસમ્મતિ સાધવાના પ્રયાસ કરવાની વાત વડાપ્રધાન મનમોહનસિંહ અને યુપીએ સરકારના અન્ય પ્રધાનો કરી રહ્યા છે. મોટાભાગના રાજકીય પક્ષોનો વિરોધ હોવા છતાં કેન્દ્રીય ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદેએ કહ્યું છે કે, કોમવાદી હિંસા બિલ શિયાળુ સત્રમાં જ રજૂ કરવામાં આવશે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આ બિલ મામલે વડાપ્રધાનને પત્ર લખીને કેટલાક વાંધા ઉઠાવ્યા બાદ આ મામલો ફરી એકવાર ગરમ થઈ ગયો છે. બસપના નેતા માયાવતીએ કહ્યું છે કે, સર્વસંમતિ સાધવામાં આવ્યા બાદ જ આ બિલને રજૂ કરવાની દિશામાં આગળ વધવાની જરૂર છે.

કોંગ્રેસ સાથે જોડાણની કોઈ જ શક્યતા નથી : અખિલેશ યાદવ

નવી દિલ્હી,તા.૫

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની તરફેણમાં કોઈપણ મોજુ ફેલાયેલુ નથી. યાદવે કહ્યું હતું કે, સમાજવાદી પાર્ટી એકલા હાથે ચુંટણી મેદાનમાં ઉતરશે. નરેન્દ્ર મોદીના સંદર્ભમાં પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં અખિલેશે કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશના લોકો બિનસાંપ્રદાયિક સરકાર ઈચ્છે છે. ભાજપ માટે રાજયમાં કોઈ વધારે વિકલ્પ નથી. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં એક ટીવીચેનલના કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું કે, સમાજવાદી પાર્ટી વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચુંટણીમાં એકલાહાથે

મેદાનમાં ઉતરશે. કોંગ્રેસ સાથે લોકસભાની ચુંટણીમાં કોઈપણ જોડાણ કરવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા અખિલેશે કહ્યું હતું કે,આવી કોઈ શક્યતા નથી. અખિલેશે કહ્યું હતું કે, તેમની પાર્ટી માત્ર ઉત્તરપ્રદેશમાં જ નહીં બલ્કે અન્ય રાજયમાં પણ એકલા હાથે ચુંટણી લડશે. કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારને સમાજવાદી પાર્ટી બહારથી ટેકો આપે છે પરંતુ આ બન્ને પક્ષો જુદા-જુદા વલણ ધરાવે છે. ઘણા મુદ્દાઓ ઉપર સમાજવાદી પાર્ટીએ યુપીએ સરકાર સામે વાંધો ઉઠાવ્યો છે. કોમવાદી હિંસા બિલને મામલે પણ સમાજવાદી પાર્ટી વિરોધના મુડમાં છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ પણ પોતાની પાર્ટીની સ્થિતિને મજબૂત કરવામાં લાગેલા છે પરંતુ હાલ મોદીની લોકપ્રિયતા વધી રહી છે.

મોદીના મતને જયા, મમતાનો ટેકો

યુપીએ સરકારને ટેકો આપનાર બસપ અને સમાજવાદી પાર્ટીની બિલમાં સુધારા કરવા માંગ : સરકાર સામે ગુંચ

નવી દિલ્હી,તા. ૫

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ કોમવાદી હિંસા અટકાયત બિલના સંબંધમાં જોરદાર વાંધો ઉઠાવતા મોદીની સાથે અન્ય કેટલાક રાજ્યોના મુખ્યમંત્રી પણ જોડાઈ ગયા છે. પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, મધ્યપ્રદેશ અને ઓરિસ્સાના મુખ્યમંત્રી પણ નરેન્દ્ર મોદી સાથે આ બિલના વિરોધમાં જોડાઈ ગયા છે. આ તમામે આક્ષેપ કર્યો છે કે, કોમવાદી હિંસા અટકાયત બિલ ભારતના મૂળભૂત માળખાના ભંગ સમાન છે. સરકાર એકબાજુ આ બિલ સંસદ સત્રમાં રજુ કરવા કમર કસી ચુકી છે પરંતુ જુદા-જુદા પક્ષોના વિરોધ બાદ સરકાર માટે આ બાબત ખૂબ જ પડકારરૂપ રહેશે. ભાજપ ઉપરાંત તૃણમુલ કોંગ્રેસ, જયલલિતાના અન્ના દ્રમુક જેવા પક્ષોએ પણ વિરોધ કર્યોછે. મમતા બેનર્જીએ જયલલિતાએ બિલ ઉપર વિરોધ કરતાં કહ્યુંછે કે, આ બિલ રાજ્યોના અધિકારો ઉપર અતિક્રમણ સમાન છે. શિયાળુ સત્રમાં આ બિલ રજૂ ન કરવા સરકાર ઉપર દબાણ વધી ચુકયું છે. બહુજન સમાજ પાર્ટી, સમાજવાદી પાર્ટી,

બીજેડી અને ડાબેરીઓ પણ આ બિલમાં સુધારા કરવાની માંગણી કરી રહ્યા છે. આવી સ્થિતિમાં આ બિલ આ પુરતું રજૂ ન થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. તમામ રાજકીયપક્ષો આને લઈને નારાજ છે. સીપીઆઈ નેતા ગુરુદાસ દાસ ગુપ્તાએ કહ્યું છે કે, અમે ચોક્કસપણે બિલનું સમર્થન કરવા જઈ રહ્યા છીએ પરંતુ આમાં ફેરફાર કરવામાં આવે તેવી ઈચ્છા છે. ભાજપે શરૂઆતથી જ આ બિલનો વિરોધ કર્યો છે અને કહ્યું છે કે, આ બિલ બહુ જ ખતરનાક છે. ભાજપનું કહેવું છે કે, આ બિલ લઘુમતી મતની રાજનીતિ રમવા સમાન છે. બંધારણીય માળખા ઉપર પ્રહાર સમાન છે. જેડીયુના નેતા કેસી ત્યાગીએ કહ્યું છે કે, કોમવાદી બિલના નામે નરેન્દ્ર મોદી રાજકારણ રમી રહ્યા છે. ભાજપના નેતા મુરલી મનોહર જોષીનું કહેવું છે કે, કોમવાદી હિંસા બિલ ખૂબ જ વિભાજીત બિલ છે. ભાજપના મુખ્તાર અબ્બાસ નકવીનું કહેવું છે કે, આ કોમવાદી હિંસા બિલ નથી પરંતુ કોમ્યુનલ વોટ બિલ છે.

ભાજપની જીતની આશા વચ્ચે ૨૪૯ પોઈન્ટનો મોટો ઉછાળો

મુંબઈ,તા. ૫

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચુંટણીમાં મતદાનનો તબક્કો પૂર્ણ થયા બાદ એક્ઝિટપોલના પરિણામો જારી થયા બાદ ભાજપને પાંચ રાજ્યો પૈકીના ત્રણમાં જીત આપવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં શેરબજારમાં નવી આશા જાગી છે. ભાજપ શાનદાર દેખાવ કરશે તેવી આશાના લીધે બજારમાં તેજી જામી છે. આજે કારોબારના અંતે સેન્સેક્સ ૨૪૯ પોઈન્ટ સુધરીને ૨૦૯૫૭ની સપાટીએ રહ્યો હતો. જ્યારે ૫૦ શેર નિફ્ટી ૮૦ પોઈન્ટ સુધરીને ૬૨૪૧ની સપાટીએ રહ્યો હતો. આજે કારોબાર દરમિયાન શરૂઆતથી જ તેજી જામી હતી. પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચુંટણી માટે મતદાન પૂર્ણ થયા બાદ નવી આશા જાગી છે. એશિયન બજારોમાં આજે મંદી જોવા મળી હતી. બીએસઈ સેક્ટરલ ઈન્ડેક્સમાં તેજી રહી હતી. બેંકેક્સમાં સૌથી વધુ ૪.૪ ટકાનો ઉછાળો રહ્યો હતો. જ્યારે કેપીટલ વુડ્સ, પીએસયુ, રિયાલિટી, પાવર, ઓઈલ એન્ડ ગેસ, મેટલ ઈન્ડેક્સમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો. આ તમામમાં ૧-૪.૪ ટકા વચ્ચેનો સુધારો થયો હતો. કન્ઝ્યુમર ડ્યુરેબલ અને ઓટોમાં પણ સુધારો રહ્યો હતો. બેંકીગ શેરોમાં સ્થિતિ ખૂબ શાનદાર રહી હતી. બેંકીંગ શેરોમાં ૩-૬ ટકા વચ્ચેનો ઉછાળો નોંધાયો હતો. રિફેન્સિવ સેક્ટરલમાં પ્રોફીટ બુંકીંગની સ્થિતિ રહી હતી. કેટલાક શેરોમાં મંદી પણ રહી હતી. જેમાં હેલ્થકેર, એફએમસીજી, આઈટીમાં ઘટાડો રહ્યો હતો. ફાઈનાન્સિયલ ક્ષેત્રોમાં એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસીમાં ૧.૭ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો. ભારતીય એરટેલના શેરમાં પણ તેજી જામી હતી. બ્રોડર માર્કેટની વાત કરવામાં આવે તો બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૪-૦.૭ ટકાનો ઉછાળો નોંધાયો હતો. માર્કેટબ્રિડ્થ ફ્લેટ રહી હતી.

સ્ત્રી સશકિતકરણ અને....

(પાના નં. ૪ નું ચાલુ)

બાબાસાહેબે બંધારણની કલમ ૧૪, ૧૫ અને ૧૬ દ્વારા સ્ત્રીઓ સહિત દલિતોને સમાનતાનો અધિકાર આપ્યો. કલમ ૩૯ અને કલમ ૪૨માં બાબાસાહેબે સ્ત્રીઓને સવલતો આપવાની જોગવાઈ કરી છે.

૧૯૫૪ના વિશેષ વિવાદ અધિનિયમથી ધર્મપરિવર્તન કર્યા સિવાય ૨૧ વર્ષના પુરૂષ અને ૧૮ વર્ષની સ્ત્રીને લગ્ન કરવાના હક્ક પણ બાબાસાહેબે આપ્યા.

૧૯૫૫ના હિન્દુ વિવાદ વિધેયક દ્વારા એક પત્ની પ્રથા ફરજિયાત બનાવી. સગોત્ર વિવાહ પર પ્રતિબિંબ ફરમાવવામાં આવ્યો. ૧૯૫૬ના હિન્દુ ઉત્તરાધિકાર વિધેયક દ્વારા દીકરીને પિતાની સંપત્તિમાં ઉત્તરાધિકાર આપવામાં આવ્યો એટલું જ નહીં, એ સંપત્તિને વેચવાનો કે ગીરો મૂકવાનો હક્ક આપવામાં આવ્યો.

૧૯૫૬ ના હિન્દુ દત્તકગ્રહણ અધિનિયમ દ્વારા સ્ત્રીને દત્તક લેવાનો હક્ક આપવામાં આવ્યો. બાબાસાહેબે આગળ જણાવ્યું તેમ ખાસ પ્રસૂતિ (સંશોધન) વિધેયક કેન્દ્રીય વિધાનસભામાં પસાર કરાવું હતું. બાબાસાહેબે ખાણ મજૂર કલ્યાણ કોષ પણ શરૂ કરાવ્યો. ૧૯૪૪માં ખાણોની મહિલા કામદારોને સમાન વેતનનો અધિકાર અપાવ્યો.

૧૯૪૧માં અંગ્રેજ સરકારે સર બી.એન. રાવ સમિતિ બનાવી હિન્દુ કોડ બિલનો મુસદ્દો બનાવ્યો હતો. બાબાસાહેબે ઊંડો અભ્યાસ અને પરિશ્રમ કરી તે મુસદ્દાને ઉત્તમ બનાવ્યો. બાબાસાહેબે તે બિલ લોકસભામાં પાસ કરાવવા ૧૯૫૦માં યુદ્ધ છેડ્યું. આજે જે લોકો મુસ્લિમો માટે સમાન સિવિલ કોડ બિલની રજૂઆત કરે ચે તે જ સમાનત વાદીઓએ હિન્દુકોડ બિલનો ખુબ વિરોધ કર્યો કેમ કે એમને એમાં હિન્દુ સંસ્કૃતિ પર કુઠરાઘાત લાગતો હતો! બાબાસાહેબે પશ્ચિમના સ્ત્રીસ્વાતંત્ર્ય અને સમાનતાના ખ્યાલોનો સમાવેશ કરીને આ બિલ બનાવ્યું હતું અને તે દ્વારા જવાહરલાલ નહેરૂ શરૂઆતમાં તો બિલની તરફેણમાં હતા અને જો બિલ પસાર નહીં થાય તો રાજીનામાની ધમકી પણ હતી.પરંતુ સરદાર વલ્લભભાઈ અને રાજેન્દ્રપ્રસાદનો ખૂબ વિરોધ હતો. જયારે વીર સાવરકરે આંબેડકરને ટેકો આપેલો! ૫ ફેબ્રુઆરી ૧૯૫૧માં બિલ રજૂ થયું પરંતુ મૂળ વિરોધ હોવાને કારણે નહેરૂ અને બાબાસાહેબ સમાધાનકારી વલણ અપનાવી લગ્ન અને છૂટાછેડા માટે અલગ વિધેયક બનાવવા સંમત થયા. તેમ છતાં આ બિલ પસાર થઈ શક્યું નહિ એનો ઈતિહાસ સર્વવિદિત છે અને જવાહરલાલ એમની સરકાર બચાવવા ખસી ગયા અને આખરે બાબાસાહેબે રાજીનામુ ધરી દીધું. એમણે જવાહરલાલને લખ્યું કે કેબિનેટમાં હું ફક્ત આ બિલ માટે જ હતો. હવે મારે કેબિનેટમાં રહેવું વ્યર્થ છે. પછીની ઉપર જણાવ્યાં તે અધિનિયમો પૃથક પૃથક રજૂ થયા અને પસાર થયા. ૧૯૫૧ની સાર્વત્રિક મતાધિકારથી ચૂંટાયેની ભારતની લોકસભાએ આખરે બાબાસાહેબના વિચારોનું અનુમોદન આપવું જ પડ્યું.

સ્ત્રી સશક્તિકરણમાં બાબાસાહેબ આંબેડકરે આપેલ યોગદાન અમૂલ્ય અને કદી ન ભૂલાય તેવું છે.